# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

## કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી(ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ સામાજિક વિજ્ઞાન વિષયની કામચલાઉ મેરીટયાદી (PML-2)

કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક સ્પેશીયલ ભરતી (ધોરણ ૬ થી ૮- ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ ની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક (૦૩/૨૦૨૫) થી જગ્યા ભરવા જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ માંગવામાં આવેલ હતી. જેના અનુસંધાને ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાન વિષયના ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી (PML-2) https://dpegujarat.in વેબ સાઇટ ઉપર તા.૦૧/૧૦/૨૦૨૫ ના રોજ સાંજે ૧૮.૩૦ કલાકે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ઉમેદવાર મેરીટ માટે લૉગિન પર કલીક કરી તેમના અરજીપત્રક પર દર્શાવેલ TET પરીક્ષાનો નંબર અને વર્ષ, પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. મેરીટક્રમ જોવા માટે લૉગિનમાં મુકેલ મેરીટની લીંક પર કલીક કરવાથી પોતાનો મેરીટક્રમ અને મેરીટ વેબ સાઇટ ઉપર જોઈ શકશે. ત્યારબાદ વાંધા અરજી લખેલી લિંક પર કલીક કરવાથી ઉમેદવારના અરજીપત્રકની જરૂરી તમામ વિગત જોઈ શકાશે.

(1) ઉમેદવારો તેઓના નામ, લાયકાત, કેટેગરી અને મેરીટ ગુણ વગેરેમાં જો કોઈ ક્ષતિ હોય તો ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તા.૦૩/૧૦/૨૦૨૫ થી તા.૦૪/૧૦/૨૦૨૫ દરમ્યાન ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાન વિષયના તમામ ઉમેદવાર ઓન-લાઇન સુધારા પત્રક (વાંધા અરજી) ની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રકમાં તમારી વિગત દર્શાવેલ છે તેમાં જો કોઈ સુધારો કરવાપાત્ર હોય તો જ સુધારા પત્રકમાં વિગત સુધારી જરૂરી આધારો સાથે વાંધા અરજી સ્વીકાર કેન્દ્ર પર તા.૦૩/૧૦/૨૦૨૫ થી તા.૦૪/૧૦/૨૦૨૫ (જાહેર રજા સિવાય) ના રોજ ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી આપવાની રહેશે. સુધારા પત્રકમાં નવી વિગતો ઉમેરી શકાશે નહી.

(2) જે વિગતોનો સુધારો કરવાનો હોય તેના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા જોડી સુધારા પત્રક (વાંધા અરજી) ઉમેદવાર પ્રથમ અરજીપત્રક સબમીટ કરાવેલ સ્વીકાર કેન્દ્ર ઉપર રૂબરૂ જઇને જમા કરાવી શકશે. સુધારામાં રજૂ કરેલ વિગતના અસલ પુરાવા (પ્રમાણપત્ર) સિવાય વાંધા અરજી કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી. વાંધા અરજી અન્વયે કરેલ સુધારા જાહેરાતના સંદર્ભમાં સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખી સુધારો કરવામાં આવશે.

(3) ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ વિગતો આધારે તા.૨૦/૦૯/૨૦૨૫ના રોજ સામાજિક વિજ્ઞાન વિષયની કામચલાઉ મેરીટયાદી (PML-1) પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. નામ. વડી અદાલતમાં દાખલ થયેલ સ્પે.સિ.એ.નં. ૮૧૬૯/૨૦૨૫ અને સંલગ્ન પીટીશનમાં તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ આપેલ ઓરલ ઓર્ડર અન્વયે જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસથી લાયકાત મેળવેલ ઉમેદવારોને રૂબરૂ સાંભળવા માટે સમિતિની રચના કરવામાં આવેલ હતી. આ સમિતિ દ્વારા તા.૧૩/૦૮/૨૦૨૫ થી તા.૨૩/૦૮/૨૦૨૫ દરમ્યાન ઉમેદવારોને રૂબરૂ સુનાવણી અંગેની પ્રક્રિયા પૂર્ણ કરી તેનો વિગતવાર અહેવાલ તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિને સોંપેલ હતો. સામાન્ય ભરતી અને કચ્છ જિલ્લાની સ્પેશીયલ ભરતીમાં પણ આ ઉમેદવારોએ અરજી કરેલ હોવાથી આ અહેવાલને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ સરક્યુલર ઠરાવથી કચ્છ ભરતી માટે પણ સ્વીકાર કરેલ હોઈ અહેવાલમાં જણાવ્યા મુજબની અસર સબંધિત ઉમેદવારોના મેરીટમાં આપેલ છે તથા ઉમેદવારો દ્વારા ઓનલાઈન ભરેલ અરજીપત્રોની ચકાસણી કરી સુધારા-વધારા સાથે પુન: કામચલાઉ મેરીટયાદી (PML-2) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

(4) આ ઉપરાંત અત્રે હેલ્પલાઈન પર મળેલ રજુઆતો જોતાં હજુ પણ જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી સાથે નિયમિત અભ્યાસ કરેલ હોય અને આ લાયકાતના ગુણ દૂર કરવા ઈચ્છતા હોય તો સ્વેચ્છાએ પોતાના ગુણ દૂર કરવા માટે કામચલાઉ મેરીટયાદી (PML-2) દરમિયાન વાંધા અરજી રજૂ કરી પોતાના ગુણ દૂર કરાવી શકશે.

(5) ફાઇનલ મેરીટયાદી અને મેરીટમાં આવતાં ઉમેદવારો માટે કોલ લેટર વિગેરે માટેની સુચનાઓ હવે પછી વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત https://dpegujarat.in વેબ સાઇટ જોતા રહેવું.

તા.૦૧/૧૦/૨૦૨૫
સ્થળ: ગાંધીનગર

ડૉ. એમ.આઈ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય ગાંધીનગર